# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-09-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , સ્વદેશી અંગે લોકોમાં જનચેતના જગાડવાના ઉદ્દેશથી દેશમાં આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાનનો પ્રારંભ થયો

2) બનાસકાંઠામાં સરકાર અને ઉદ્યોગકારો વચ્ચે 283 કરોડ રૂપિયાના સમજૂતી કરાર થયા

3) રાજ્યમાં ગયા વર્ષે એક પણ પશુમાં ખરવા-મોવાસા રોગ જોવા નથી મળ્યો

4) દક્ષિણ ગુજરાત માં છૂટા-છવાયા સ્થળ પર આવતીકાલે ભારે વરસાદની આગાહી

5) રાજ્યના ખેલાડી અનિકેત પટેલે કૉરિયામાં નવ-મી ઍશિયન સૉફ્ટ ટૅનિસ સ્પર્ધામાં બે કાંસ્ય ચંદ્રક જીત્યા.

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# ATMANIRBHAR ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વદેશી અંગે લોકોમાં જનચેતના જાગે તેવા ઉદ્દેશથી સમગ્ર દેશમાં "આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન "નો પ્રારંભ થયો હોવાનું જણાવ્યું. ગાંધીનગરમાં ભાજપ કાર્યાલય્ શ્રી કમલમ્ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ સાથે પત્રકાર પરિષદમાં શ્રી પટેલે આગામી 28 સપ્ટેમ્બર સુધી યોજાનારા અભિયાન હેઠળ થનારી કામગીરી માહિતી આપી. તેમજ સ્વદેશી અભિયાનને જનઆંદોલન બનાવવા આહ્વાન કર્યું.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

દરમિયાન શ્રી પાટીલે કહ્યું , અભિયાન દરમિયાન ઘરે-ઘરે સ્વદેશીનો સંદેશ પહોંચાડાશે.

. . . . . . . .

# NIRMAL GUJARAT AWARD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને સ્વચ્છતાને સ્વભાવ બનાવવા અનુરોધ કર્યો છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે નિર્મળ ગુજરાત પુરસ્કાર વિતરણ સમારોહ અને સ્વચ્છ ભારત અભિયાન શહેરી-ની ચિંતન શિબિર કાર્યક્રમમાં શ્રી પટેલે કહ્યું , નગરપાલિકા સહિત વહીવટી તંત્રને મદદ કરવા સરકાર તૈયાર છે. દરમિયાન તેમણે ઉપસ્થિત અધિકારીઓને માર્ગના કામ ગુણવત્તાયુક્ત કરવા ટકોર કરી.

(BYTE: BHUPENDRA PATEL, CM)

. . . . . . . . .

# VIBRANT BANASKANTHA

બનાસકાંઠામાં વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ બનાસકાંઠા હેઠળ જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સરકાર અને ઉદ્યોગકારો વચ્ચે 283 કરોડ રૂપિયાના સમજૂતી કરાર થયા. તેમાં માર્ગ અને મકાન વિભાગ બનાસકાંઠા દ્વારા ખાનગી કંપની સાથે 210 કરોડ રૂપિયાના સમજૂતી કરાર થયા છે.

આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આરામદાયક ક્ષેત્રમાંથી બહાર આવી નવા ધંધા-રોજગાર શરૂ કરવા યુવાનોને પ્રેરિત કર્યા. તેમણે કહ્યું , આગામી સમયમાં બનાસકાંઠામાં દેશનું સૌથી મોટું સંવર્ધન કેન્દ્ર બનાવાશે.

આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે ઉદ્યોગ માટે સરકારની સરળ નીતિઓ જિલ્લાના વિકાસને ઝડપી બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. વિશ્વની અગ્રણી 100 કંપની આજે રાજ્યમાં હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યું.

. . . . . . . . .

# KHARVA MOVASA ROG

રાજ્યમાં ગયા વર્ષે એક પણ પશુમાં ખરવા મોવાસા રોગ જોવા નથી મળ્યો. સત્તાવાર યાદી મુજબ , રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ છ તબક્કામાં રાજ્યના કુલ નવ કરોડ 82 લાખથી વધુ પશુને ખરવા-મોવાસાની રસી વિનામૂલ્યે અપાઈ છે. આગામી 25 ઑક્ટોબર સુધી ચાલનારા રસીકરણના સાતમા તબક્કામાં 16 કરોડ 90 લાખ પશુઓનું રસીકરણ કરાશે. આ તબક્કા માટે ભારત સરકાર તરફથી રાજ્યને પ્રાપ્ત રસીનો જથ્થો તમામ જિલ્લા કક્ષાએ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવાયો છે.

અત્યાર સુધી પશુઓમાં થતા ચેપી ગર્ભપાત બ્રુસેલ્લોસીસ રોગના ત્રણ તબક્કાના રસીકરણ અભિયાનમાં રાજ્યના 21 લાખ 86 હજારથી વધુ નાના પશુમાં રસીકરણ કરી તેમણે રક્ષિત કરાયા છે.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.............

# NAVRATRI 5TH DAY

હવે સાંભળીએ નવરાત્રિના સમાચાર........

---ગરબા મ્યુઝિક-----

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રિના ચોથા નોરતે આજે માઁ દુર્ગાના ચોથા સ્વરૂપ કુષ્માંડાની પૂજા-અર્ચના કરાય છે. રાજ્યભરના ગરબાપ્રેમીઓ ગરબા રમીને માતાજીની આરાધના કરી રહ્યાં છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના વસ્ત્રાલ , નિકોલ, બાપુનગર, ધીકાંટા, દરિયાપુરના વિવિધ ગરબા મહોત્સવમાં **ઉપસ્થિત રહ્યાં હતાં**.

સુરેન્દ્રનગરના યાત્રાધામ ચોટીલા ખાતે ભક્તોની ભીડ જોવા મળી હતી.

(વોઈસકાસ્ટ : દિનેશ પરમાર )

જામનગર જિલ્લામાં પ્રાચીન સમયે ધવલપુરી નામથી ઓળખાતા ધ્રોલ તાલુકામાં 300 વર્ષથી નવરાત્રિ ઉજવાય છે. ગરબા મંડળ દ્વારા ખંભલાવ માતાજીનું સ્થાપન કરી વિવિધ પરિવાર દ્વારા સ્નેહી મિત્રો સાથે મળીને આ પ્રાચીન ગરબીની પરંપરા જાળવી રાખી છે. ગરબીના આયોજક મધુસુદનભાઈએ વધુ માહિતી આપી.

(બાઈટ -- મધુસુદનભાઈ (આયોજક )

નવસારીના ગણદેવીની હનુમાન શેરીમાં ગત 121 વર્ષથી નવરાત્રિમાં યુવાનો અનોખો દોરી રાસ રમે છે. છોટાઉદેપુરના બોડેલી ખોડિયાર માતાના મંદિરે નવરાત્રિ મહોત્સવમાં શાળાની બાળકીઓ ભરતનાટ્યમ્ નૃત્યની પ્રસ્તુતિ કરી આકર્ષણ જમાવ્યું.

---ગરબા મ્યુઝિક-----

. . . . . . .

# AMC PG

અમદાવાદ મહાનગરપાલિકાએ સમગ્ર શહેરમાં નિયમોનું પાલન ન કરનારા 385 જેટલા પેંઇંગગેસ્ટ- PGને નોટિસ આપી છે. મહાપાલિકાની તપાસમાં શહેરના રહેણાંક મકાનોમાં કુલ 401 જેટલા PG ચાલતા હોવાનું જણાયુ છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ કહ્યું, PG ચલાવવા સોસાયટી કે ફ્લેટની ના વાંધા અરજી- NOC અને પોલીસ ચકાસણી કરાવવાની હોય છે. નિયમોનું પાલન ન કરનારા સામે કડક કાર્યવાહી કરાશે.

(બાઇટ -- દેવાંગ દાણી)

. . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન આવતીકાલે નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. ખાસ કરીને અમદાવાદમાં આ રવિવારે ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે માછીમારો માટે કોઈ ચેતવણી ન હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(બાઇટ -- ડૉ એ કે દાસ)

. . . . . . . . . . . . .

# KOREA TENNIS CHAMPIONSHIP

રાજ્યના ખેલાડી અનિકેત પટેલે નવ-મી એશિયન સૉફ્ટ ટૅનિસ ચેમ્પિયનશીપમાં બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે. તાજેતરમાં કૉરિયામાં યોજાયેલી આ સ્પર્ધામાં તેમણે પુરુષોની ટીમ ઇવેન્ટ અને મિશ્ર ટીમ ઇવેન્ટ બંનેમાં કાંસ્ય ચંદ્રક જીત્યા છે. આ ખેલાડી અગાઉ એશિયન ગેમ્સમાં રમી ચૂક્યા છે. સખત પરિશ્રમ, સરકારના સહયોગ અને પ્રોત્સાહન થકી ગુજરાતનું નામ વિશ્વમાં રોશન કરનારા આ ખેલાડીને તમામ લોકોએ અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . .

# SWACHHATA HI SEVA

‘સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત રાજયભરમાં સફાઈ કામગીરી ચાલી રહી છે.

તાપીના સોનગઢ તાલુકાના 21 ગામમાં ઘન કચરાના નિકાલ માટે મંત્રી કુંવરજી હળપતિએ અદ્યતન વાહનોનું લોકાર્પણ કર્યું.

છોટાઉદેપુરમાં એસટી ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું. કચ્છમાં પણ ભચાઉ, રાપર, ગાંધીધામ, નલિયા, અબડાસા, માંડવી, અંજાર, નખત્રાણા, ભુજ સહિતના તાલુકાના ગામમાં મહા શ્રમદાનના કાર્યક્રમ યોજાયા. તે અંતર્ગત ગ્રામ પંચાયત, સરકારી વિભાગ , રહેણાંક વિસ્તાર , આરોગ્ય કેન્દ્ર , આંગણવાડી કેન્દ્રો , રસ્તાઓની સફાઇ સહિતની કામગીરી હાથ ધરાઇ.

. . . . . . . .